Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

# श्री आत्मानन्द प्रकाश.

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

कश्चैतन्यवतां हृदि स्थिरतरं शेते हि साक्षीभवन्
कश्चैतन्यव्रतां हृदि प्रचरति प्रक्षालयंस्तच्छुचम् ।
कं लब्ध्वा मनुजाः स्वकर्मकरणे शक्ता भवन्ति द्रुतम्
आत्मानंद प्रकाशमेव न हि सन्देहोऽत्र वै विद्यते ॥

पु० २५ मुं | वीर सं. २४५३ भाद्रपद. आत्म सं. ३२ { अंक २ जो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| | | | |
|---|---|---|---|
| ૧ શ્રી પર્યુષણ મહાપર્વની સ્તુતિ.... | ૩૧ | ૮ સંઘ–સંગઠ્ઠન. ... | ... ૪૫ |
| ૨ આપણી જૈનોની વીરતા ક્યાં ?... | ૩૩ | ૯ ભાવ ધન્વંતરીને વિનંતિ. | ... ૪૬ |
| ૩ વાર્ષિક–માફી. ... | ... ૩૭ | ૧૦ મોક્ષ પ્રવાસ કરવો છે !... | ... ૪૭ |
| ૪ શાન્તિનું સ્વરૂપ. ... | ... ૩૮ | ૧૧ કેટલાક ઉપયોગી વિચારો. | ... ૪૮ |
| ૫ અંતઃકરણની જાગૃતિ... | ... ૪૦ | ૧૨ પ્રકીર્ણ, વર્તમાન સમાચાર. | ... ૫૩ |
| ૬ વીર વાક્યો... ... | ... ૪૧ | ૧૩ સ્વીકાર. ... ... | ... ૫૪ |
| ૭ વીર પન્થ. ... ... | ... ૪૪ | ૧૪ સ્વીકાર અને સમાલોચના. | ... ૫૪ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## જૈન વિદ્યાર્થી બંધુઓ અને બ્હેનોને એક વિશેષ સગવડ.

" શ્રી મહાવીર જૈન વિદ્યાલય હસ્તક ચાલતા શ્રી સારાભાઈ મગનભાઈ મોદી લોન સ્કોલરશીપ ફંડમાંથી માધ્યમીક કેળવણી લેનાર સ્ત્રી પુરૂષોને તેમજ ટ્રેન્ડશીક્ષક થનારાઓને, હિસાબીજ્ઞાન લેનારાઓને, તેમજ ડ્રૉઈંગ વિગેરે શીખનારાઓને વગર વ્યાજે લોનરૂપે સ્કોલરશીપો આપવામાં આવતી હતી. આ સાલથી શેઠ સારાભાઇએ અમારી કમીટીને આ લોન ફંડના સંબંધમાં કેટલીક છુટછાટો મુકવા વિનંતિ કરી હતી અને તેમની ઇચ્છાનુસાર હવે પછી લોન ફંડમાંથી મદદ લેનાર સઘળી સ્ત્રીઓએ તેમજ ટ્રેન્ડ શિક્ષક થનાર પુરૂષોએ તેમજ સંસ્કૃત અને પ્રાકૃતનો અભ્યાસ કરી તે ભષાઓમાં પાવરધા થનારા ભાઇઓએ પણ પૈસા પાછા આપવા કે ન આપવા તે તેમની મુનસફી પર રહેશે. આથી અભ્યાર કરનાર બહેનોને તેમજ સંસ્કૃત યા પ્રાકૃતનો વિશિષ્ટ અભ્યાસ કરનાર ભાઈઓ માટે આ ફંડ ખરેખર આશીર્વાદ રૂપ નીવડશે.

લી. સેવક.

**મોતીચંદ ગીરધરલાલ, કાપડીઆ**

ઓ. સેક્રેટરી.

---

## જાહેર ખબર.

" ચાલુ સાલમાં વરસાદની હોનારતને લઇને નિરાધાર થએલ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ભાઇઓને મદદની જરૂરીયાત હોય તો તેમણે સંપૂર્ણ વીગત સાથે શેઠ આણંદજી કલ્યાણજી અમદાવાદના શીરનામે અરજ કરવી. "

ઝવેરીવાડા,
અમદાવાદ.

સેવક,
બાલાભાઇ ગટાભાઇ.
સેક્રેટરી શેઠ આણંદજી કલ્યાણજી.

---

## નવા દાખલ થએલા માનવંતા સભાસદો.

| | | |
|---|---|---|
| ૧ શ્રી ઋષભદેવજી મંડલ | બાવલા | પે. વ. લા. મે. |
| ૨ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી જૈન લાઇબ્રેરી | સુરવાડા | ,, |
| ૩ શેઠ હીરાલાલ સોમચંદ | હાલ મુંબઇ | ,, |
| ૪ શા. અમૃતલાલ હરગોવનદાસ | ભાવનગર | બી. વ. લા. મે. |
| ૫ શા. પ્રેમચંદ અમુલખ | મુંબઇ | ,, |
| ૬ શા. કેશવલાલ શીવલાલ | અમદાવાદ | ,, |
| ૭ શા. મહેન્દ્રકાન્ત હીંમતલાલ | લીંબડી | ,, |
| ૮ શા. મનસુખલાલ ડાહ્યાભાઇ | વઢવાણ કેમ્પ | વા. મે. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આજના અંકનો વધારો.

# જીન્દગીની યાદી અને ઘેર બેઠા તીર્થયાત્રા.

## ગુજરાતને કચ્છનો અનુભવ! કચ્છને ગુજરાતની પિછાણ!!

# શ્રી કચ્છ-ગિરનારની-મહાયાત્રા

એટલે

## શેઠ શ્રી નગીનદાસ કરમચંદે પાટણથી કાઢેલ મહાસંઘનો

—: સંપૂર્ણ અને સચિત્ર ઇતિહાસ :—

આ પુસ્તક
- ભવિષ્યની જૈન પ્રજાને અમ્મર ઇતિહાસ રૂપ છે.
- સંઘની યાત્રા કરનારને જીંદગીની યાદગારસમુ છે.
- સંઘની યાત્રાનો લાભ લઇ ન શકનારા ભાઇઓને ઘેર બેઠાં યાત્રાનો લાભ આપનારૂં છે અને પૂજ્ય મુનિવર્ગને વિહાર માટે પથ-દર્શક ભોમિયા રૂપ છે.

## આવા સોનાના દાગીના સમા અમુલ્ય

—: પુસ્તકમાં :—

સંઘની ભવ્યતાના વર્ણનો, સંઘની સામગ્રીની નોંધો. માર્ગમાના દરેક ગામો-શહેરો અને તિર્થોનો **પરિચય. મોટા મોટા રાજ-સન્માનોના દ્રશ્યો,** સંઘવીજીનું જીવનચરિત્ર, કચ્છ-દેશનો પરિચય, ઇત્યાદિ અનેક વસ્તુઓનો આની અંદર સમાવેશ કરવામાં આવ્યો છે. વળી **ભાતભાતના ચિત્રોથી ગ્રંથ સુશોભિત બનશે.** પ્રત્યેક જૈન ભાઇઓને ઘેર આ અમુલ્ય પુસ્તક હોવું જ જોઇએ. લગભગ ત્રણસો પાનાના પાકા રેશમી બાઇડીંગવાળા આ ગ્રંથની કિંમત માત્ર ૨-૮-૦ પરંતુ દિવાળી સુધીમાં નીચેનું કુંપન ભરી મોકલનારને તેમજ વાંચનમાળાના ગ્રાહકને **માત્ર બેજ રૂપીયામાં મળશે.**

કુંપન મોકલવાની સાથે આઠ આનાની ટીકીટ પણ બીડવી. એકી સાથે પાંચ નકલ મંગાવવાથી પારસલમાં ઘણો ઓછો ખર્ચ થશે. માટે બે ચાર ભાઇઓએ મળીને **એકના નામનું** કુંપન ભરી મોકલવું. લખોઃ—

**શ્રી જૈન સસ્તી વાંચનમાળા** રાધનપુરી બજાર—**ભાવનગર.**

| નકલ. | નામ. | ગામ ઠેકાણું. |
|---|---|---|
| | | |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કેટલાક ઉપયોગી વિચારો.

( ગતાંક પૃષ્ઠ ૧૪ થી શરૂ. )

વિઠ્ઠલદાસ. મૂ. શાહ.

એક વિદ્વાન મહાશયનું કથન છે કે મનુષ્યને બે પ્રકારનું શિક્ષણ મળે છે. એક શિક્ષણ તો એ છે કે જે તેને બીજાઓ પાસેથી મળે છે અને બીજું મહત્વ પૂર્ણ શિક્ષણ એ છે કે તે પોતે પોતાને આપે છે. એ ઉપરથી સિદ્ધ થાય છે કે સ્વયં સંપાદિત કરેલા જ્ઞાનનું મહત્વ અને ઉપયોગ બીજા પાસેથી પ્રાપ્ત કરેલા જ્ઞાન કરતાં વધારે છે. એક પણ મનુષ્ય એવો નહિ જોવામાં આવે કે જેણે કેવળ શિક્ષક પાસેથી જ શિક્ષણ પ્રાપ્ત કરીને કોઈ પ્રકારની વિજ્ઞાન આદિમાં વધારે ઉન્નતિ કરી હોય. સઘળા ઉદાહરણ એવા મળશે કે જેમાં લોકો પોતે જ પરિશ્રમ કરીને મહાન વૈજ્ઞાનિક અથવા પંડિત બન્યા હોય છે. તે ઉપરાંત એક વસ્તુ એ પણ જોવામાં આવે છે કે જે લોકોમાં મહાન વિદ્વાન અથવા પંડિત બનવાની ખરેખરી યોગ્યતા હોય છે તેઓની બુદ્ધિ ઘણે ભાગે થોડીવારમાં જ પરિપકવ બની જાય છે, એટલા માટે જ્યાં સુધી મનુષ્ય સંપૂર્ણ પરિશ્રમ ન કરે ત્યાં સુધી તેણે કદિપણ હતાશ ન થવું જોઈએ.

કેટલાક લોકોનો સ્વભાવ એવો હોય છે કે તેઓ બીજા પાસેથી કોઈ પ્રકારનું શિક્ષણ મેળવવામાં પોતાનું અપમાન સમજે છે, હિણપત માને છે. એ મોટી મૂર્ખાઇ છે. જ્ઞાન સંપાદન તો આપણે પ્રત્યેક માર્ગથી, પ્રત્યેક સાધનથી અને પ્રત્યેક સ્થાનથી કરવું જોઇએ. એની અંદર લજ્જા, સંકોચ, અપમાન કે હિણપત એવું કશું નથી. ખરેખરી લજ્જા અથવા હીણપત તો જ્ઞાન સંપાદન ન કરવામાં જ રહેલી છે. સાધારણ વિષયોમાં પણ આપણને એવા સ્વભાવવાળા લોકો મળી આવશે કે જેઓ પોતાની સાથે કામ કરનાર માણસો પાસેથી કંઇપણ શીખવું એ ઘણું જ હલકું ગણે છે. એવા લોકો હંમેશાં હાંસીપાત્ર બને છે. તેઓ કદિપણ કાંઇપણ શીખી શકતા નથી. તેથી જીંદગીભર તેઓની દુર્દશા થાય છે, પરંતુ જે લોકો પોતે જીજ્ઞાસુ બનીને સઘળું શીખે છે અને પોતાનું જ્ઞાન વધારે છે તેઓ શીઘ્રતાથી પોતાની ઉન્નતિ સાધી શકે છે.

જ્ઞાન ગમે તે પ્રકારનું હોય પણ તે હંમેશાં ઉપયોગી જ હોય છે. જ્ઞાનની સહાયતાથી જ મનુષ્ય પોતાનાં જીવન અને સ્વાસ્થ્યનું પુરેપુરૂં ધ્યાન રાખી શકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, પોતાના જીવન–નિર્વાહનો પ્રબંધ કરી શકે છે; માતા પિતા, ભાઇ બ્હેન, ઇષ્ટમિત્ર, સમાજ તથા દેશ પ્રત્યેનું પોતાનું કર્તવ્ય જાણી શકે છે, તેનું પાલન કરી શકે છે અને પોતાના આચાર વિચાર વ્યવસ્થિત રાખી શકે છે. રેલ્વે, તાર વિગેરે જ્ઞાનની કૃપાના ફળ છે. તે એટલે સુધી કે સંસારની સમસ્ત ઉપયોગી તથા આવશ્યક વસ્તુઓ જ્ઞાનની જ પ્રસાદી રૂપ છે. જે મનુષ્યોએ કંઇક જ્ઞાન પ્રાપ્ત કર્યું નથી તેનું જીવન વાસ્તવિક અર્થમાં જીવન જ નથી. જ્ઞાનનું આટલું બધું મહત્વ છે તે પ્રાપ્ત કરવામાં ઉદાસીન રહેવું તે મોટી મૂર્ખાઇ છે એટલું જ નહિ પણ મોટું પાપ છે.

સુપ્રસિદ્ધ આંગ્લ તત્વવેત્તા જૈન સ્ટુઅર્ટ મીલે જ્ઞાનાર્જનનો સૌથી ઉત્તમ ઉપાય બતાવ્યો છે તે અહિંઆ આપીએ તે અસ્થાને નહિ ગણાય. તેમણે કહ્યું છે છે કે પ્રત્યેક પદાર્થના વિષયમાં જીજ્ઞાસા કરવી જોઇએ. બરાબર સારીરીતે વિચાર્યા વગર, સમજ્યા વગર કદિપણ પોતાનો કે અન્યનો કોઇપણ સિદ્ધાંત ગ્રહણ ન કરવો જોઇએ. જો આપણી સમક્ષ કોઈ જાતનું વાક્છળ થતું હોય અથવા અસંબંદ્ધ વાતો કહેવામાં આવતી હોય તો તેનો બરાબર વિચાર કરવો જોઇએ, તેમજ કોઇ શબ્દોનો ઉપયોગ કરવા પહેલાં અથવા કોઇ વિષયમાં કોઇની સાથે એક મત થવા પહેલાં બધી બાજુએથી તેનો વિચાર કરવો જોઇએ." આ બાબતો જાણવાની ઘણી જ જરૂર છે.

સંસારના ઘણે ભાગે સઘળાં કાર્યોમાં અને ખાસ કરીને શુભ તથા મહાન કાર્યોમાં કયારેક એવો વખત આવે છે કે જ્યારે મનુષ્યને કઠિનતાઓ સહન કરવા માટે ધૈર્યની આવશ્યકતા હોય છે. અને ભાવી આફતોથી ન ડરતાં આગળ વધતાં રહેવા માટે સાહસની આવશ્યકતા હોય છે. જે મનુષ્ય એવા વિકટ પ્રસંગે પોતાના એ ગુણોનો પુરેપુરો પરિચય આપે છે તે જ સંસારમાં કોઇ કાર્ય પણ કરી દેખાડે છે અને પોતાનું નામ અમર કરી જાય છે.

'**धृतिः क्षमादमोऽस्तेय**' વિગેરે ધર્મના જે દશ લક્ષણો કહેવામાં આવ્યાં છે તેમાં સૌથી પહેલાં ધૃતિ–ધૈર્યને જ મુકેલ છે. જે મનુષ્ય સન્માર્ગ અને સત્ય ન છોડતાં ધૈર્યપૂર્વક સર્વ પ્રકારના સંકટ સહે છે તે જ મહાત્મા નામને યોગ્ય છે. એવો મનુષ્ય દૈવી કોપને પણ તુચ્છ ગણે છે અને હમેશાં પોતાની શ્રેષ્ઠતા તથા મર્યાદા બતાવી આપે છે. સંકટને સમયે તે પર્વતની જેમ અચળ અને અટલ રહે છે. વિપત્તિઓ તથા કઠિનતાઓનાં તીર તેના પગથી દૂર પડે છે. તેનું ધૈર્ય સઘળી દશાઓમાં તેને સહાય કરે છે અને સર્વ પ્રકારની વિપત્તિઓથી તેને સારી રીતે બચાવી લે છે. જેવી રીતે વીરપુરૂષ મૃત્યુ અથવા શત્રુઓની પરવા કર્યા વગર રણક્ષેત્રમાં ઝંપલાવે છે અને ત્યાંથી વિજયવંત બની પાછો આવે છે તેવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતે ધીરપુરૂષ સંસારની કઠિનતાઓ અને વિપત્તિઓને તુચ્છ ગણી હમેશાં આગળ વધ્યા કરે છે અને છેવટે વિજય પ્રાપ્ત કરે છે. ધૈર્ય તો મહાત્મા પુરૂષોનો સ્વભાવ સિદ્ધ ગુણ છે. કહ્યું છે કે:—

**विपदि धैर्यमथाभ्युदये क्षमा सदसि वाक्पटुता युधिविक्रमः ।**
**यशसि चाभिरुचिर्व्यसनं श्रुतौ प्रकृतिसिद्धमिदं हि महात्मनाम् ॥**

**અર્થાત**—વિપત્તિને સમયે ધૈર્ય, સંપત્તિને સમયે ક્ષમા શીલતા, સભામાં વકતૃત્વ, યુદ્ધમાં પરાક્રમ, કીર્તિ માટે રૂચિ, અને વિદ્યાનું વ્યસન એ સર્વ બાબતો મહાત્માઓમાં સ્વાભાવિક હોય છે.

જેવી રીતે મનુષ્યમાં ધૈર્ય હોવું એ આવશ્યક અને લાભદાયક છે તેવી રીતે તેનો અભાવ હાનિકારક છે. ધીર મનુષ્ય વિજયવંત બનીને કીર્તિ પ્રાપ્ત કરે છે, પરંતુ કાયર મનુષ્ય પરાસ્ત બનીને કેવળ અપયશ મેળવે છે એટલું જ નહિ પણ અનેક પ્રસંગે ઘણીજ પીડા પામે છે અને અપમાનિત બને છે. અધીર બનવાથી મનુષ્ય પોતાની ઉપર અનેક જાતની નવી નવી આપત્તિયોને બોલાવે છે, આપત્તિઓથી બચવાની શકિત અને બુદ્ધિ ગુમાવી બેસે છે, તેને કર્તવ્ય અને અકર્તવ્ય કંઇ પણ સુઝતું નથી, તેને ચારે તરફથી નિરાશા ઘેરી લે છે અને તે ઘોર અંધકારમાં પડી જાય છે. આટલી બધી દુર્દશા ધૈર્યના અભાવને લઇને જ થાય છે. એટલા માટે કોઇપણ મનુષ્યે કોઈપણ દશામાં અધીર ન બનવું જોઈએ.

ધૈર્યનું એક ઘણુંજ અગત્યનું અંગ સાહસ છે, જે ઘણું ખરૂં ધૈર્યને મળતું આવે છે. અહિં આગળ સાહસનો એ અર્થ નથી કે જે શારીરિક બળને લઇને થાય છે. અને જેની સહાયથી લોકો યુદ્ધ–ક્ષેત્રમાં જઇને લાખો પ્રાણીઓનો નાશ કરે છે; પરંતુ તેનો અર્થ માનસિક સાહસ છે કે જે મનુષ્યને કદિપણ નીતિમાર્ગથી ડગવા નથી દેતું અને હમેશાં કર્તવ્યપરાયણ રાખે છે. એ સાહસને ધૈર્યનું આવશ્યક અંગ એટલા માટે કહેવામાં આવ્યું છે કે તેની વગર ધૈર્યનું કામ અધુરૂં રહી જાય છે. વિપત્તિના સમયમાં ધૈર્ય કેવળ આપણું રક્ષણ કરે છે; પરંતુ સાહસ આપણને ઉન્નતિના માર્ગ ઉપર અગ્રેસર કરે છે, એ સિવાય અનેક પ્રસંગોએ જ્યારે આપણને ધૈર્યની આવશ્યકતા નથી હોતી ત્યારે સાહસ આપણને ઘણી જ સહાયતા આપે છે. જો આપણી સામે કદિ કોઇ કઠિન કર્તવ્ય ઉપસ્થિત થાય તો તેનું પાલન કરવામાં આપણે સાહસથી પહેલું કામ લેવું પડશે. જ્યાં સાચું બોલવાનું અથવા ન્યાય કરવાનું કામ પડશે, જ્યાં પ્રલોભનોથી બચવાની જરૂર પડશે, જ્યાં બળ અને બુદ્ધિની પરીક્ષા થશે ત્યાં સૌથી પહેલાં નૈતિક સાહસની જ જરૂર પડશે. જે મનુષ્યમાં એ ગુણ નથી હોતો તે પોતાના બાકીના ગુણોનું રક્ષણ પણ કોઇ રીતે કરી શકતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સોક્રેટીસ ઘણોજ વિચારશીલ અને સત્યનિષ્ટ હતો, પરંતુ તેણે પોતાના વિચારો અને સત્યનિષ્ઠાનું રક્ષણ પોતાના નૈતિક સાહસ વડેજ કર્યું હતું. અધિકારીઓએ એના ઉપર મિથ્યા અભિયોગ મુકયો હતો અને તેને અન્યાય પૂર્ણ સજા કરી હતી. જો એનામાં નૈતિક સાહસ ન હોત તો આજ એની આટલી બધી કીર્તિ પણ ન હોત. યુરોપમાં જે સમયે ધર્માન્ધતા ઘણી વધી ગઇ હતી તે સમયે વિજ્ઞાન વિગેરેનું અધ્યયન અને અન્વેષણ કરનાર લોકોને ધર્મદ્રોહી માનવામાં આવતાં હતા; તેમજ એવા લોકોને રાજ્ય તરફથી ઘણીજ આકરી શિક્ષા કરવામાં આવતી હતી. ઘણાને જીંદગીભર કેદમાં રહેવું પડયું હતું અને ઘણાને જીવતાજ બાળી મુકવામાં આવતાં હતાં. આમ છતાં તેઓ પોતાનાં ધૈર્ય અને સાહસનો કદિપણ ત્યાગ કરતા નહોતા અને પોતાના સિદ્ધાંતને દ્રઢતા પૂર્વક વળગી રહેતા હતા. પરિણામ એ આવતું કે તેઓના અનુયાયીયોની સંખ્યા વધતી જતી હતી અને તેઓએ આરંભેલું કાર્ય શરૂ રહેતું હતું. અત્યારે યુરોપમાં એવા લોકો મહાત્મા ગણાય છે.

જે સમયે મહારાષ્ટ્રના ભૂષણ રૂપ સમર્થ રામદાસ સ્વામી વિરક્ત બન્યા તે સમયે તેમના કુટુંબીઓએ તેમને ગૃહસ્થીની જાળમાં બાંધી રાખવાના અનેક પ્રયત્નો કર્યા હતા, પરંતુ તેમણે સાહસ પૂર્વક તેઓનો વિરોધ કર્યો અને પોતાનો સ્વીકૃત માર્ગ ન તજયો. તેનું પરિણામ એ આવ્યું કે તેઓ પોતે એક મહાત્મા બન્યા અને હજારો લોકોના માર્ગદર્શક બન્યા. જે વખતે તુકારામે ભક્તિમાર્ગ ગ્રહણ કર્યો તે વખતે તેના ઘરના માણસોએ તેને ઘણુંજ કષ્ટ આપ્યું હતું, અને તેને ગૃહસ્થાશ્રમમાં લેવાના અનેક યત્ન કર્યા હતા, તે એટલે સુધી કે એક વાર તેમને માર પણ ખાવો પડ્યો હતો. પરંતુ તેમણે તે વખતે નૈતિક સાહસનો પરિચય કરાવ્યો, સઘળી વિપત્તિયો સહન કરી, પરંતુ પોતાના નિશ્ચય અને સિદ્ધાંતનો ત્યાગ ન કર્યો. છત્રપતિ શિવાજી મહારાજ તથા તેમના પિતા ઉપર અનેક આપત્તિઓ પડી, મોગલોએ એમને ઘણું દુઃખ દીધું, છતાં પણ શિવાજી મહારાજે સાહસનો ત્યાગ ન કર્યો અને છેવટે મહારાષ્ટ્ર સામ્રાજ્યની સ્થાપના કરી. સમર્થ રામદાસ સ્વામી અને તુકારામની માફક ગુરૂ નાનકને પણ વિરક્ત બનતી વખતે અનેક કઠિનતાઓની સામે થવું પડયું હતું, પરંતુ કેવળ ધૈર્ય અને સાહસની સહાયતાથી સઘળી કઠિનતાઓ દૂર કરી શકયા હતા. અને છેવટે શીખ-સંપ્રદાય સ્થાપીત કરી શકયા હતા. એક વખત શિવનભૂના રાજાએ તેમને અખૂટ ધનસંપત્તિ, પોતાના રાજ્યનો મોટો ભાગ તથા સુખ-સામગ્રી આપીને તેમને પ્રભુભક્તિથી વિમુખ કરવા ઇચ્છયું હતું; પરંતુ તેમણે આ સંસાર તથા તેના સુખ વિગેરેની અસારતાનો ઉપદેશ આપ્યો અને એક પાઇ પણ ન સ્વીકારી, તેમનો ઉપદેશ એટલો બધો ઉત્તમ અને માર્મિક હતો કે છેવટે તે રાજા તેમનોજ શિષ્ય થયો હતો. મગધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેશના રાજા બિંબસારે પણ મહાત્મા બુદ્ધને સાંસારિક વૈભવની મોટી લાલચ બતાવી હતી, અને કહ્યું હતું કે "આપનું આ રૂપ અને આપની આ અવસ્થા ભિક્ષુકને લાયક નથી. માટે કૃપા કરી આપ રાજ્યનો સ્વીકાર કરો અને ઐશ્વર્યનો ઉપભોગ કરો." પરંતુ તેમણે તો પ્રથમથી જ પોતાના રાજ્ય વૈભવ વિગેરેનો ત્યાગ કરીને પોતાના અપૂર્વ સાહસ તથા અનુપમ ત્યાગવૃત્તિ બતાવી આપ્યા હતા. એટલે પછી બિચારા બિંબસારની લાલચો તેને કેમ ડગાવી શકે? તેથી તેમણે ઉત્તર આપ્યો. "સુખભોગની કામના ઝેર–તુલ્ય છે, તેમાં અનન્ત દોષો રહેલા છે. એનાથી મનુષ્યોને કદિ પણ તૃપ્તિ થતી જ નથી. મને વિપુલ ઐશ્વર્ય, સુંદર સ્ત્રીયો અને આમોદ પ્રમોદની સર્વ સામગ્રીઓની પ્રાપ્તિ થઇ હતી, પરંતુ તે સર્વનો ત્યાગ કરીને પરમ કલ્યાણકારી ઉત્તમ નિર્વાણપદની પ્રાપ્તિ અર્થે હું ઘરની બહાર નીકળી ચૂકયો છું. તો પછી હું આપના આ રાજપાટ અને ઐશ્વર્યનો સ્વીકાર કરીને શું કરૂં? મીરાંબાઇની ભગવદ્‌ભક્તિમાં વિઘ્નો નાખવા માટે અને તેની સાધુસેવા ઓછી કરવા માટે તેને ઘણું જ કષ્ટ આપવામાં આવ્યું હતું તે એટલે સુધી કે તેને ઝેર પણ આપવામાં આવ્યું હતું, પરંતુ તેણે જે વ્રત ધારણ કર્યું હતું તે જીંદગી સુધી ન જ તજ્યું. ભગવદ્‌ભક્તિ છોડાવવા માટે ભકતરાજ પ્રલ્હાદને અગ્નિમાં નાંખવામાં આવ્યા હતા, પર્વત ઉપરથી પાડવામાં આવ્યા હતા. તેમણે અનેક મોટા મોટા દુ:ખો સહન કર્યા, પણ ભગવદ્‌ભક્તિનો ત્યાગ ન કર્યો. ધર્મવીર બાળક હકીકત રાયે મરવાનું સ્વીકાર્યું, પરંતુ અન્યાય તથા ધર્મ પરિવર્તન એનાથી સહન ન થઇ શક્યાં. એ રીતે અનેક મહાત્માઓને સંસારના પ્રવાહનો વિરોધ કરવો પડ્યો હતો અને તે વિરોધ તેઓએ ઘણીજ દ્રઢતા પૂર્વક કર્યો હતો. કારણકે તેઓને જે સત્ય લાગ્યું હતું તેના પ્રચાર અર્થે તેઓએ ગમે તેવી કઠિનતાઓ પણ ગણકારી નહોતી.

આવા અનેક ઉદાહરણની માળા ઇતિહાસના પાનામાંથી તૈયાર કરી શકાય. પરંતુ એ બધા આપણને એકજ વસ્તુ શીખવી રહ્યા છે કે

विपदि धैर्यमथाभ्युदये क्षमा सदसि वाक्पटुता युधि विक्रमः ।
यशसि चाभिरुचिर्व्यसनं श्रुतौ प्रकृतिसिद्धमिदं हि महात्मनाम् ॥

તેમજ

निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम् ।
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा
न्याय्यात्पथः प्रविचलन्ति पदं न धीराः ॥ (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# *પ્રકીર્ણ.

હાલ ચાતુર્માસમાં દક્ષીણના બીજાપુર શહેરમાં મુનિરાજશ્રી **રાજવિજયજી** મહારાજ સપરિવાર બિરાજમાન છે. દક્ષિણમાં તેઓશ્રીના વિહારથી અનેક લાભો થયા છે. બિજાપુરના સંબંધમાં તેઓશ્રી જણાવે છે કે આ શહેર પ્રથમનું તો નાશ પામેલ છે. નવીન વસાહત થઇ છે. ૩૫ થી ૪૦ હજારની હાલ વસ્તી છે. ઇશાનમાં ૬૨ માઇલ સોલાપુર, પુર્વમાં ૬૦ માઇલ અકલકોટ–નૈરૂત્યમાં ૮૦ માઇલ કોલ્હાપુર ૭૦ માઇલ સાંગલી, મીરજ કુરદવાડી, ૩૬ માઇલ નીમાણી સંસ્થાનો આવેલા છે. દક્ષીણમાં બાગલકોટ તાલીકોટ ઇરકલ, ગદગ, હુબલી છે. બીજાપુરનો કીલ્લો ૪૦ માઇલ ઘેરાવામાં છે, ગોળઘુમટ, જુમામસ્જીદ, આસારમ્હેલ ત્રણચાર વાવડી જે પુષ્કરણીના આકારની છે. રોજો, દર્ગા, બાદશાહી મહેલ જોવા જેવા સ્થળ છે. દોઢ લાખ રૂપૈયા ખરચી નવું જિનમંદિર શ્રાવકોએ બંધાવ્યું છે. પ્રતિષ્ટા હવે થશે. દર્ગા નજીકમાં જમીનમાંથી શ્યામ મૂર્તિ શ્રી પાર્શ્વનાથ મહારાજની અલાકિક મળી છે. તે દીગંબરોના તાબામાં જતાં ચક્ષુ, ચાંડલા, શ્રીવત્સ, કાઢી પોતાની બનાવી છે. આવી સુંદર મૂર્તિ હજી મારા જોવામાં આવી નથી પરંતુ ઉપાય નથી. બાકી જમીનમાં હજુ હજારો જિન બિંબો છે. સરકાર ખોદવા દેતા નથી દ્રવ્ય પણ અથાગ છે. હાલ એજ

# વર્તમાન સમાચાર.

ગયા શ્રાવણ શુદ ૧૫ તા–૧૩–૮–૨૭ના રોજ રાજનગરમાં વકીલ મણીલાલ મોહનલાલના પ્રમુખપણા નીચે ધી યંગમેન જૈન સોસાયટી ઓફ ગુજરાતને ખુલ્લી મુકવાનો મેળાવડો કરવામાં આવ્યો હતો. સેક્રેટરી તરીકે મી. વાડીલાલ મોહોકમલાલ શાહ બીએ નિમાયા છે કેટલાક ભાષણો થવા સાથે સેક્રેટરીએ તેના ઉદ્દેશો જણાવ્યા હતા.

*મુનિરાજશ્રી રાજવિજયજી મહારાજે એક પત્ર પ્રવર્ત્તકજી મહારાજ શ્રી કાન્તિવિજયજી મહારાજ ઉપર બીજી હકીકતો સાથે લખેલો હતો જેમાંથી જાણવા જેવી ઇતિહાસિક હકીકતો સમાજની જાણ માટે ઉપર મુજબ આપી છે. આવા ઇતિહાસિક પત્રો સુખશાંતિના અને સંવત્સરી ખામણાના અનેક ઐતિહાસિક હકીકતો (તે તે ગામના જિનાલયોના, સમાજના, પ્રજાના જાણવા જેવા વર્તમાન સમાચારો બશેંહ ત્રણશેંહ વર્ષ પહેલાં આમનસામન સાધુ મહારાજો લખતા હતા તેથી ઇતિહાસિક અજવાળું ઘણું પડતું હતું હાલ તે સ્થિતિ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વીકાર અને સમાલોચના.

**શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગનો અમદાવાદ. સં. ૧૯૨૬નો રીપોર્ટ—** આ સંસ્થાનો સં. ૧૯૨૬ ના વર્ષનો રીપોર્ટ મળ્યો છે. આ સાલમાં ૮૬ બોર્ડરોએ આ સંસ્થાનો લાભ લીધો હતો. આ વિદ્યાર્થીઓ બી સાયન્સ બીએથી પહેલા ધોરણ સુધીના અભ્યાસીઓ છે. સાથે ધાર્મિક અને સંસ્કૃત શિક્ષણ બોર્ડીંગમાં ખાસ માસ્તરો રાખી આપવામાં આવે છે તે આવશ્યક છે. હિસાબ તથા વહીવટ ચોખવટવાળો છે. અમે તેની આબાદિ ઇચ્છીએ છીએ.

**શ્રી રાજનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ધાર્મિક ઇનામી પરિક્ષા સંસ્થાનો સં. ૧૯૮૨–૮૩નો ( દશમો રીપોર્ટ )**

આ સંસ્થા વિદ્યાર્થી ધાર્મિક અભ્યાસમાં ઉત્સાહ પૂર્વક આગળ વધે તેના ઉત્તેજનાર્થે છે. જેને આજે દશ વર્ષ થયા છે. ચાલુ સાલની પરિક્ષા સં ૧૯૮૩ના ફાગણ માસમાં લેવામાં આવેલી હતી. આ સાલમાં પરિક્ષામાં બેઠેલ પુરૂષ, સ્ત્રી વિદ્યાર્થીઓની સંખ્યા ૨૭૨ હતા અને ગઇ સાલ કરતાં આ સાલ પરિક્ષાનું પરિણામ વિશેષ સારૂં આવેલ જોતાં કાર્યવાહકો બંધુઓનું લક્ષ અને ઉત્સાહ સારો જણાય છે.

ઇનામ રૂ ૪૫૧] આપવાનું ઠરાવેલ હોવાથી વિદ્યાર્થીઓને અભ્યાસમાં આગળ વધવા ઉત્સાહ પ્રેરનારૂજ કહી શકાય. રાજનગરના આંગણે ધાર્મિક અભ્યાસને ઉત્તેજન અને ઉત્સાહ આપનાર અને બહાર ગામથી પણ તેનો લાભ લેવાય તેવું ખાતું જરૂરીયાતવાળુંજ ગણી શકાય. વહિવટ અને હિસાબ યોગ્ય હોવા છતાં રાજનગર જેવી જૈનપુરીમાં અનેક શ્રીમંત બંધુઓ હોવા છતાં આવા ખાતાની આર્થિક સ્થિતિ તંગ રહે તે નહીં ઇચ્છવા યોગ્ય છે, અમોને સંપૂર્ણ વિશ્વાસ છે કે હવે પછીના વર્ષનો રીપોર્ટ પ્રગટ થયા પહેલાં તે ખામી ત્યાંના શ્રીમંત જૈનબંધુઓ પુરીજ દેશે. અમો આ સંસ્થાની ઉન્નતિ ઇચ્છીયે છીયે.—

**શ્રી જૈન વિદ્યાર્થી આશ્રમ સુરત—સં. ૧૯૮૨ નો રિપોર્ટ.—**સુરત અને તેમની આસપાસના ગામોના કેળવણી લેતા વિદ્યાર્થીઓને આવશ્યક સાધન મફત પૂરા પાડવા વગેરે ઉદ્દેશથી અને તે પ્રમાણે કાર્ય કરતી આ સંસ્થા છે. સાથે વિદ્યાર્થીની શારીરિક વિકાસ ઉપર ધ્યાન આપવા સાથે પુસ્તકાલય પણ સાથે ધરાવે છે. કમીટીનો ઉત્સાહ અને ખંત યોગ્ય છે. હિસાબ ચોખવટવાળો વહીવટ યોગ્ય રીતે ચલાવવામાં આવે છે. અમે તેની ઉન્નતિ ઇચ્છીયે છીયે.

**શ્રી ધરમચંદ ઉદયચંદ શ્રી જિર્ણોદ્ધાર ફંડનો સં. ૧૯૮૦ થી ૧૯૮૨ નો રીપોર્ટ—**ટ્રસ્ટીઓ અને કમીટી દ્વારા સુરત અને તેના જીલ્લાના તમામ દેરાસરની સુવ્યવસ્થીત સ્થિતિ જળવાઇ રહે અને જિર્ણ થયેલ જિનમંદિરોની પવિત્રતા અને અસ્તિત્વ જળવાઇ રહેવા માટે આ ફંડનો ઉદ્દેશ સાચવી વહીવટ કરવામાં આવે છે. ફંડની શરૂઆતથી અત્યાર સુધીમાં રૂા. ચાલીશ હજાર રૂપૈયાનો ઉદ્દેશ પ્રમાણે વ્યય થયેલો છે, હિસાબ અને વહીવટ ચોખવટવાળો તેમજ યોગ્ય છે. સુરત જીલ્લાના દરેક જૈન બંધુઓએ આ સુવ્યવસ્થીત ખાતાને આર્થિક સહાય આપી જૈન દર્શનનું ગૌરવ સાચવવા ભાગ લેવા જરૂર છે.

For Private And Personal Use Only

# જાહેર ખબર.

## ધોલેરામાં વરસાદની અતિવૃષ્ટિ.

## શ્રી પાંજરાપોળની થયેલી ભયંકર સ્થિતિ.

સર્વે સદ્‌ગ્રહસ્થોને ખબર આપવામાં આવે છે કે—અત્રે તા. ૨૩ થી તા. ૨૯—૭—૨૭ સુધીમાં વરસાદ આશરે ૪૦ ઈંચ થયો છે અને વાવાઝોડાનું મોટું તોફાન થયું છે. ઉપરના મહાન્ ઉપદ્રવથી અત્રેની પાંજરાપોળના ઢોરને રાખવાના મકાનો તથા ઘાસ ભરવાના મોટા ગોદામો તદ્દન પડી ગયા છે. તેમજ ઘાસ મણ ૫૦૦૦) તદ્દન તણાઇ ગયું છે, ઢોરને રાખવાના મકાન ઉભા કરવાનું અત્રે કોઈપણ જાતનું સાધન નથી. આ દૈવકોપથી પાંજરાપોળની થયેલી ભયંકર સ્થિતિ જોતાં ઘણો ત્રાસ ઉપજે છે પણ કુદરત આગળ નિરૂપાયપણું છે. અત્રે તરફ ચાર વર્ષથી દુષ્કાળ છે. આસપાસના નિરાધાર ઢોરને સહાય આપવાનું આ મોટું સ્થાન છે. અને સાધારણમાં સાધારણ મકાન તૈયાર કરાવામાં દશ હજાર રૂપીઆનું ખર્ચ છે તેમજ મકાનો તુરતમાં તૈયાર કરાવવાની ખાસ જરૂર છે. તો આવા ઉપદ્રવમાં નિરાધાર મુંગા પ્રાણી માટે યથાશકિત મદદ કરવા મહેરબાની કરશો.

દયાળુ દિલના સર્વે સદ્‌ગૃહસ્થોને અમારી નમ્રતા પૂર્વક અરજ છે કે આ નિરાધાર પ્રાણી માટે હાથ લંબાવવાનું ખાસ ધ્યાનમાં લેશો.

મદદની રકમ નીચેના શીરનામે મોકલાવશો.

દોશી નાગરદાસ હીરાચંદ—ઘોલેરાબંદર.

શા. કુંવરજી આણંદજી—ભાવનગર.

શેઠ મણીભાઇ ગોકલભાઇ મુલચંદ. ઠે૦ ચંપાગલી—મુંબઇ.

શા. ચીમનલાલ જગજીવન—પાંચ કુવા, કાપડબજાર——અમદાવાદ.

શા. ચમનલાલ જમનાદાસ. ઠે૦ દેવસાનો પાડો—અમદાવાદ.

પાંજરાપોળના કાર્યવાહકો.

દોશી નાગરદાસ હીરાચંદ.
શા. પોપટલાલ સવચંદ.
શા. ડાહ્યાભાઇ દેવચંદ.
શા. હીરાચંદ ચતુર્ભુજ.

ધી આનંદ પ્રેસ—ભાવનગર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ઐતિહાસિક સાહિત્યના રસજ્ઞોને ખાસ તક.

# જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્યસંચય.

શ્રીમાન્ પ્રવર્તકજી મહારાજ શ્રી કાન્તિવિજયજી જૈન ઐતિહાસિક ગ્રંથમાળાનું આ સાતમું પુષ્પ છે, કે જેમાં જુદા જુદા એકત્રીશ મહાપુરૂષો સંબંધી તેત્રીશ કાવ્યોનો સંચય છે. તેના સંગ્રાહક અને સંપાદક શ્રીમાન્ જિનવિજયજી આચાર્ય ગુજરાત પૂરાતત્ત્વ મંદિર વગેરે છે. કાવ્યનો રચનાકાળ ચૌદમા સૈકાથી પ્રારંભી વીસમા સૈકાના પ્રથમ ચરણ સુધી છે. આ સંગ્રહથી આ છ સૈકાના અંતર્ગત સકાઓનું ગુજરાતી ભાષાનું સ્વરૂપ, ધાર્મિક, સમાજ અને રાજકીય વ્યવસ્થા, રીતરીવાજો, આચારવિચાર અને તે સમયના લોકોની ગતિનું લક્ષ્યબિંદુ એ દરેકને લગતી માહિતીઓ મળી શકે છે. કાવ્યો તે તે વ્યક્તિ મહાશયોના રંગથી રંગાયેલ હોઇ તેમાંથી અદ્દભૂત કલ્પના, ચમત્કારિક બનાવો અને વિવિધ રસોના આસ્વાદો મળે છે. આ કાવ્યોનો છેવટે રાસસારવિભાગ ગદ્યમાં આપી આ ઐતિહાસિક ગ્રંથને વધારે સરલ બનાવ્યો છે. વિદ્વાનોની સર્વોત્તમ સાહિત્ય પ્રસાદી આમાં છે. વિશેષ લખવા કરતાં વાંચવા ભલામણ કરીએ છીએ.

કિંમત ૨-૧૨-૦ પોસ્ટેજ જુદું. **શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

---

# શ્રી પારમાર્થિક કાર્ય સહાયક ફંડ પ્રતાપગઢ રાજપુતાના

**(પ્રતાપગઢ સ્ટેટની ખાસ મંજુરીથી ખોલવામાં આવેલી લૉટરી)**

## ડ્રૉઈંગ તારીખ ૬ ઠી માર્ચ ૧૯૨૮ થશે

## પહેલું ઈનામ રૂ. ૫૦૦૦૦) કુલે ઈનામ રૂ. ૨૦૦૦૦૦)

એક ટિકિટ ૧) રૂપીયાનું કુલ ૫૦૦૦૦૦ ટિકિટોનું વેચાણ થાવા ઉપર લખેલું ઇનામ આંપવામાં આવશે જો કમતી ટિકિટો વેચાશે તો તે પ્રમાણે ઈનામ આપવામાં આવશે. ૧૧ ટિકિટોના રૂપીયા ૧૦) લેવામાં આવશે.

જૈન બોર્ડિંગ, વિદ્યાર્થી, નિરાશ્રિત અને અપંગોને સહાયતા અને પશુશાલા આદિ ઉત્તમ કાર્યો માટે આ લોટરી ખોલવામાં આવી છે.

ટિકિટો વેચનાર સ્થાનિક એજન્ટોને ૫) રૂપીયા સેંકડે, બહાર ગામ ફરીને ( ટ્રેવેલિંગ ) વેચનારને ૧૦) રૂપીયા સેંકડે અને ૧૦૦૦ ટિકિટો વેચનારને ૧૫) રૂપિયા સેંકડે કમીશન આંપવામાં આવશે.

ભાગ્ય પરીક્ષાનો આ સર્વોત્તમ સમય છે. ટિકિટો અને વિજ્ઞાપન મંગાવવા માટે આજેજ લખો.

**સેક્રેટરી શ્રી પારમાર્થિક કાર્ય સહાયક ફંડ પ્રતાપગઢ, રાજપૂતાના.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી કુમારપાળ પ્રતિબોધ-ભાષાંતર.

અખિલ વિદ્યાપારંગત, સકલશાસ્ત્રનિષ્ણાત, જ્ઞાનના મહાસાગર કલિકાલ સર્વજ્ઞ **શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે** ગુજરાતના પ્રખ્યાત ચૌલુક્ય **રાજા કુમારપાળ મહારાજને** સમયે સમયે જૈનધર્મનો બોધ, વિવિધ વ્યાખ્યાનદ્વારા તે તે વિષયોની અનેક સુંદર રસિક કથાઓ સહિત આપેલ, કે જેની અસરથી કુમારપાળ નરેશે જૈનધર્મનો સ્વીકાર ( શિવધર્મ છોડી દઇ ) ક્રમશઃ કેવી રીતે કર્યો, અને સનાતન જૈનધર્મનો સ્વીકાર કરી મહારાજા કુમારપાળે કરેલ જિન ધર્મની અતુલ પ્રભાવના, વગડાવેલ જીવદયાનો ( અહિંસા ધર્મનો ) ડંકો, કરેલ તીર્થ અને રથયાત્રા, કરવામાં આવેલ શાસનની વિપુલ પ્રભાવના, રાજાની દિવસ તથા રાત્રીની ચર્યા ( રાજકીય વ્યવહારિક તેમજ ધાર્મિક કર્તવ્યપાલના ), નૃપતિની ઉચ્ચ ભાવના, નિત્ય સ્મરણ વગેરે અનેક બનાવો આ સર્વ સરલ, સુંદર, રસિક, હોવાથી દરેક વાંચકના હૃદય ઓતપ્રોત થઇ જતાં વૈરાગ્ય રસથી આત્મા છલકાઈ જઇ મોક્ષનો અભિલાષી બને છે. આ ગ્રંથ જૈનેતર વાંચે તો જૈન બની જાય, તો જૈન કુળમાં જન્મેલ વાંચતાં પરમ જૈન બને તે નિર્વિવાદ છે.

સાહિત્યના સાગરના તરંગોને ઉછાળનાર, શાંત રસાદિ સૌંદર્યથી સુશોભિત, અને ભવ્યજનોને રસભર કથાઓના પાન સાથે, સત્ય ઉપદેશ અને સદ્દજ્ઞાન રૂપી અમૃતનું પાન કરાવનાર, આ ગ્રંથના લેખક શ્રી સોમપ્રભાચાર્ય મહારાજ છે, કે જે રાજા કુમારપાળના સમકાલીન વિદ્યમાન ( હૈયાત ) હતા. આ ગ્રંથ કુમારપાળ રાજાના સ્વર્ગવાસ પછી ૧૧ મે વર્ષેજ લેખક મહાત્માએ લખેલ છે જેથી તેની તમામ ઘટનાનો તેજ સત્ય પુરાવો છે.

આ ગ્રંથના પઠન પાઠનથી મહામંગળરૂપ ધર્મ, તેની પ્રાપ્તિ થતાં આત્મજ્ઞાનની ભાવનાઓ પ્રગટ થતાં નિર્મળ સમ્યકત્વ, જૈનત્વ, અને છેવટે પરમાત્મત્વ પ્રકટ કરાવનાર એક ઉત્તમ અને અપૂર્વ રચના છે, કે જે શેઠ શ્રી નાગરદાસભાઇ પુરૂષોતમદાસ રાણપુર નિવાસીની સીરીઝ તરીકે ( મદદવડે ) છપાયેલ છે.

શ્રીમાન્ હેમચંદ્રાચાર્યજી તથા પરમાર્હત કુમારપાળ મહારાજા બંને મહા પુરૂષોની વિવિધ રંગોથી ભરપૂર છબીઓ કલાની દૃષ્ટિએ મોટો ખર્ચ કરી બહુજ સુંદર, આકર્ષક, જિજ્ઞાસુઓને દર્શન કરવાની અભિલાષા પૂર્ણ કરવા માટે તૈયાર કરાવી આ ગ્રંથમાં દાખલ કરેલ છે.

ઉંચા કાગળો ઉપર સુંદર ટાઇપોથી છપાવી, સુશોભિત કપડાના પાકા બાઇંડીંગથી બંધાવી આ અમુલ્ય ગ્રંથને અલંકાર રૂપે તૈયાર કરેલ છે. સુમારે સાઠ ફોર્મ રોયલ સાઇઝ આઠપેજી પાંચસેંહ પાનાના આ ગ્રંથની રૂા. ૩-૧૨-૦ પોણાચાર રૂપૈયા કિંમત રાખેલ છે. **જૈન** નામ ધરાવનારા કોઇ પણ બંધુ બ્હેનના ગૃહમાં, નિવાર સ્થાનમાં અને નિરંતર અભ્યાસ માટે પોતા પાસે આ ગ્રંથ હોવોજ જોઇએ.

લખોઃ—

**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

For Private And Personal Use Only